# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, બનાસકાંઠા


કિચન બ્લોક, જોરાવર પેલેસ, પાલનપુર, જિ.બનાસકાંઠા

**(ISO 9001:2008 Certified)**

**Phone No.(02742) 257055** **Email Id: bnsdeo@gmail.com**


ક્રમાંકઃપ્રાવિ.૪ /ટ્યુશન /૨૦૨૧/ ૧૯૩૪૪ - ૧૯૯૧૪ તારીખ : ૨૦/૦૯/૨૦૨૧

**ખાસ અગત્યનું–સુધારો**

પ્રતિ,
સંચાલકશ્રી/આચાર્યશ્રી,
સરકારી/ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉ.મા. શાળાઓ તમામ
બનાસકાંઠા,જિ.બનાસકાંઠા.

**વિષયઃ–સરકારી /ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ શાળાઓના શૈક્ષણિક/બિન શૈક્ષણિક સ્ટાફ દ્વારા ખાનગી ટ્યુશન ન કરવા બાબત.**

**સંદર્ભઃ**–૧.ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગ ના ઠરાવ ક્રમાંકઃબમશ/૧૧૦૫/સીસી/૩૦૯(૨)ગ.૧ તા.૯/૧/૨૦૦૬
૨.ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગ ના ઠરાવ ક્રમાંકઃબમશ/૧૨૯૭–૧૪૬૮–૨૮૮–ગ તા.૧૦/૧/૧૯૯૭
૩.ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગ ના ઠરાવ ક્રમાંકઃમશબ/૨૦૦૨/૯૦૧/છ તા.૩૦/૪/૨૦૦૨
૪.ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગ ના ઠરાવ ક્રમાંકઃમશબ/૨૦૦૨/૯૦૧/છ તા.૩૦/૫/૨૦૦૨
૫.કમિશનરશ્રી,શાળાઓની કચેરી ગાંધીનગર ના પત્ર ક્રમાંકઃઉમશ/ઉમા–૪/૨૦૧૯/૩૨૩૭–૭૧ તા.૧૬/૭/૨૦૧૯

ઉપરોક્ત વિષય અને સંદર્ભી પત્રો પરત્વે જણાવવાનું કે, ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ–૧૯૭૪ ના વિનિયમ ક્રમાંકઃ૨૭(અ)(૧)(૬) મુજબ " ટ્યુશન/કોચિંગ ઉપર પ્રતિબંધ એટલે કે નોંધાયેલ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક કે બિન શૈક્ષણિક કર્મચારી પોતાની શાળા કે શાળા બહાર મહેનતાણું લઈને કે લીધા સિવાય ખાનગી ટ્યુશન/કોચિંગ કરી શકશે નહીં. "

સંદર્ભ દર્શિત પત્રોમાં જણાવ્યા મુજબની નીચે મુજબની સુચનાઓનો સર્વગ્રાહી અમલ કરવા/કરાવવા શિક્ષકશ્રી/ આચાર્યશ્રી તેમજ શાળા સંચાલકશ્રીઓને જાણ કરવામાં આવે છે.

(૧) આપની શાળાના શૈક્ષણિક/બિન શૈક્ષણિક કર્મચારીઓ શાળામાં કે શાળા બહાર ટ્યુશન/કોચિંગ કરે છે તે જોવાની અને આ પ્રવૃતિઓ ન થાય તેની સંપૂર્ણ જવાબદારી શાળાના આચાર્યશ્રી તેમજ શાળા સંચાલક મંડળની છે.

(૨) ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો–૧૯૭૪ ના વિનિયમ–૩૨(૨) ની જોગવાઈ મુજબ શાળાના શૈક્ષણિક કે બિન શૈક્ષણિક કર્મચારીઓ પાસેથી શાળામાં કે શાળા બહાર ટ્યુશન /કોચિંગ ચલાવતા નથી તે મુજબની લેખિતમાં બાંહેધરી મેળવવાની રહેશે અને ટ્યુશન/કોચિંગ રજીસ્ટર નિયમિત રીતે શિક્ષકો પાસે પ્રતિમાસ આચાર્યશ્રીએ ભરાવવાનું રહેશે. આ રજીસ્ટર ની યોગ્ય રીતે જાળવણી થાય તેવી વ્યવસ્થા કરવી અને અત્રેની કચેરીના અધિકારી/કર્મચારીની આકસ્મિક મુલાકાત વખતે ચકાસણી દરમ્યાન સરળતાથી મળી રહે તેમ રાખવું અને ચકાસણી કરાવી લેવી.

(૩) ટ્યુશન/કોચિંગ રજીસ્ટર વૈધાનિક રજીસ્ટર છે.આથી આ રજીસ્ટર માં ભરવામાં આવતી માહિતી સંપૂર્ણ સાચી હોય તે અત્યંત જરૂરી છે. જો તપાસ ના અંતે આ માહિતી ખોટી સાબીત થશે તો માહિતી ભરનારે ઈરાદા પૂર્વક સાચી માહિતી છુપાવી છે.તેમ માની શાળાના સંચાલક/આચાર્ય તેમજ અત્રેની કચેરી સાથે છેતરપીંડી કરી બનાવટી રેકર્ડ ઉભુ કરેલ છે.તેમ માનવામાં

Scanned by CamScanner

આવશે અને તે સંદર્ભે શૈક્ષણિક /બિન શૈક્ષણિક કર્મચારી સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.આ બાબત આચાર્યશ્રી એ તમામ સ્ટાફના ધ્યાને મુકવી અને જાણ કર્યા બદલની સહી મેળવી રેકર્ડ પર રાખવી

(૪) સંદર્ભ પત્ર (૨) માં જણાવ્યા મુજબ વિનિયમ– ૩ ૨(૨)ની જોગવાઈ નું કડકાઈથી અમલ કરવા માટે વિનિયમ–૨૭(અ)(૧) જોગવાઈ નો ભંગ કરનાર શિક્ષકો સામે શાળા સંચાલક મંડળે નિયમાનુસાર શિસ્ત વિરૂધ્ધની કાર્યવાહી કરીને તે શિક્ષક સામે વિનિયમ–૨૭(અ)(૨) માં દર્શાવેલ ક્રમાંક ૦૫ થી ૦૮ પૈકીની મોટી શિક્ષા ની કાર્યવાહી કરવાની રહેશે.

(૫) સંદર્ભ પત્ર (૨) માં જણાવ્યા મુજબ ખાનગી ટ્યુશન કરનાર શૈક્ષણિક કે બિન શૈક્ષણિક કર્મચારીઓની આચાર્ય/શાળા સંચાલક મંડળ ને જાણ હોવા છતા તેઓની સામે નિયમાનુસાર ની કાર્યવાહી કરી પગલા ન ભરનાર સંસ્થા સામે ગ્રાન્ટ–ઈન–એઈડ કોડ –૧૯૬૪ ના નિયમ– ૯૫ ની જોગવાઈઓ હેઠળ ગ્રાન્ટ કાપ તેમજ ખાતાને યોગ્ય લાગે તેવા નિયમોનુસાર પગલા ભરવામાં આવશે. જે શાળાઓને નિભાવ ગ્રાન્ટ મળવા પાત્ર ન હોય તો તેવી શાળાઓની નોંધણી રદ કરવા અંગેની કાર્યવાહી કરવામાં આવશે જેની ગંભીરતાથી નોંધ લેશો.

(સહી)
જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા,પાલનપુર.

**<u>નકલ રવાના જાણ તેમજ અમલવારી સારૂઃ–</u>**

(૧) શિ.નિ.શ્રી ઓ તથા મ.શિ.નિ.શ્રીઓ (તમામ) સદર કચેરી તરફ.
(૨)એસ.વી.એસ./કયુ.ડી.સી કન્વીનરશ્રી,(તમામ ) તરફ શાળાઓને જાણ કરવા અંગે.

**<u>નકલ સવિનય રવાના :–</u>**

(૧)માન.કલેકટર સાહેબશ્રી,બનાસકાંઠા,પાલનપુર.
(૨) માન.અધ્યક્ષ સાહેબશ્રી,ગુ.મા. અને ઉ.મા. શિ.બોર્ડ,ગાંધીનગર.
(૩) માન.નિયામક સાહેબશ્રી,કમિશનરશ્રી શાળાઓની કચેરી ગાંધીનગર.

Scanned by CamScanner